## RULES & REGULATIONS :

### (A) SCHOOL TIMINGS & SYLLABUS:

- **School Timings** are **08:15 am to 02:00 pm** from Monday to Saturday**.**
- Education is being given as per the **Syllabus Prescribed by the Education Department,** Government of Gujarat in both the Mediums (English & Gujarati).

### (B) SELECTION & APPOINTMENT:

- Selected teacher will be **appointed in (Std.1-8)/ (std. 9-12 one unit)**as per the rules of the Institute.
- Selected teacher willhave to fulfill **minimum qualification**, as laid down by an NCTE & Gujarat state government, by notification, Sec. 23 of RTE Act 2009 and also required to **pass the prescribed Teachers Eligibility Test (TET) of respective group of your subject**.
- Selected teacher will have to **submit** all their **Original Documents including Mark sheets & Certificates** to the Institute.
- Selected teacher **will not be allowed to run any Personal / Private Tuition classes**.
- Selected teacher will have to do all the **Educational Activities within the School Campus only**.
- Selected teacher will have to do only Educational, Co-curricular and all the related activities in the school campus.
- Selected teacher will have to take all the Responsibilities given by the Management for Co-curricular Activities.

### (C) SALARY/LEAVES/HOLIDAYS/VACATIONS:

- Selected Teacher will be given CTC Salary (Including total P.F contribution for concerned) alongwith conveyance, dining facilities during school hours & insurance facilities as per institute norms, in lieu of the duties you perform in the school.
- Income tax and Professional tax will be deducted from your salary as per Govt. rules.
- The **annual increments and leave shall not be granted to you as a matter of right but shall be purely at discretion of the Managementon your performance / requirement of Institute**
- To ensure your commitment of your service for the benefit of yours & students, **10% of your monthly salary shall be retained as security deposit** for that committed duration and will be returned with bank interest on successful completion of commited duration. (Minimum cimmittement is 2 years.)
- Incase of any eventuality, **you choose to leave or incase of reliving** from the service before completion of **2 years** the retained amount shall be forfeited.
- Teacher has to submit prior **(before 5 days of leave)** leave report in time to the management to get it sanctioned.

## નિયમો - પ્રણાલિકાઓ :

### (A)શાળા સમય અને અભ્યાસક્રમ :

- શાળાનો નિર્ધારીત સમય સોમવાર થી શનિવાર દરમિયાન **સવારે 8:15 થી બપોરે 2:00** દરમિયાન રાખવામાં આવેલ છે.
- સંસ્થામાં બન્ને માધ્યમ**(અંગ્રેજી અને ગુજરાતી)**માં ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.

### (B)પસંદગી અનેનિમણૂક :

- સંસ્થામાં ઇન્ટરવ્યુ દ્વારા **પસંદગી પામેલ શિક્ષકમિત્રોને (ધો. 1થી 8)/ (ધો. 9 થી 12, સળંગ એકમ) અંતર્ગત નિમણૂક** આપવામાં આવે છે.
- પસંદગી પામેલ શિક્ષકમિત્રોએ RTE Act 2009 અંર્તગત નિયમ સેક.23,NCTE અને ગુજરાત સરકારશ્રીની શિક્ષક યોગ્યતા અંગેની ન્યુનત્તમ જરૂરિયાત પરિપૂર્ણ કરવાની રહેશે અને આપના વિષય જુથની શિક્ષક યોગ્યતા પરિક્ષા પાસ કરવાની રહેશે.
- પસંદગી પામેલ શિક્ષકમિત્રોએ તેઓના **તમામ ઓરીજીનલ પ્રમાણપત્રો અને ગુણપત્રકોસંસ્થામાં જમા** કરાવવાના રહેશે.
- પસંદગી પામેલ **શિક્ષકમિત્રો કોઈપણ જાતનાં ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવી શકશે નહી.**
- પસંદગી પામેલ શિક્ષકમિત્રોએ શૈક્ષણિક બાબતોને લગતી તમામ કાર્યવાહી શાળા સંકુલ**માં જ** કરવાની રહેશે.
- શાળામાં પસંદ થનાર શિક્ષકમિત્રોએ **શાળામાં ફક્ત શૈક્ષણિક, સહઅભ્યાસિક અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ** કરવાની રહેશે.
- શાળામાં કરવામાં આવતી **સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ** માટે જે તે શિક્ષકમિત્રએ સંચાલક મંડળ દ્વારા સોંપવામાં આવતા કાર્ય અંગેની **તમામ જવાબદારી** સ્વીકારવાની રહેશે.

### (C)પગાર/રજાઓ/વેકેશન :

- આપનો પગાર સંસ્થામાં **આપની કામગીરી આધારિત એકત્રિત પગાર - CTC (પ્રોવિડન્ડ ફંડ પાત્ર સબંધિત શિક્ષકના કિસ્સામાં શિક્ષકનો ફાળો તથા સંસ્થા ફાળો સહિત)** હશે. શાળા સમય દરમિયાન ભોજનાલય, વાહણ તથા વીમા સુવિધા સંસ્થાના નિયમાનુંસાર મળવાપાત્ર રહેશે.
- સરકારશ્રીના નિયમાનુંસાર કપાતપાત્ર ઇન્કમ ટેક્ષ તથા પ્રોફેશનલ ટેક્ષ આપના પગારમાંથી કાપવામાં આવશે.
- આપના **પગારનો વાર્ષિક વધારો** અને રજાઓ એ **આપના અધિકારની દ્રષ્ટિએ નહિ પણ સંસ્થાની જરૂરિયાત / આપની કામગીરીના મૂલ્યાંકન** આધારિત રહેશે.
- આપના તથા વિદ્યાર્થીઓના લાભાર્થે **ઓછામાં ઓછા 2 વર્ષના સમયગાળા માટે પ્રતિબદ્ધતાના ભાગરૂપે આપના માસિક કુલ પગારના 10% રકમ સંસ્થામાં જમા રહેશે.** આપની **2 વર્ષ**ની સફળ કામગીરીના અંતે બેન્ક વ્યાજ સહિત પરત કરવામાં આવશે.
- કોઇ પણ સંજોગોમાં **2 વર્ષ** પહેલા આપ **સંસ્થા છોડો અથવા સંસ્થામાંથી છૂટા કરવામાં** આવેતો આપની જમા રહેલ રકમ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહિ.
- વર્ષ દરમિયાન કોઈપણ પ્રકારના સંજોગોમાં લેવાની થતી રજા અંગેનો રિપોર્ટ સમયસર **(રજાના પાંચ દિવસ પહેલાં)** ઓફિસમાં મંજૂર કરાવવાનો રહેશે.

- Leave without report/sanction or more than one day (except in any accident or death of family member) will be considered as misconduct.
- Leave will not be sanctioned before & after any public holiday/Sunday & will be considered LWP.
- Teachers will be compensated by gratuity fund for unutilized 15 leave during academic year (April to March) in next academic year only if...
  - **Teacher has worked for complete academic year (April to March)**
  - **Teacher has not availed more than 15Leave during academic year.**
- Leave without sanction will be considered LWP (leave without pay) & will be debited from account.
- Amount will be debited from your salary for the leave availed in that particular month of the academic year.
- **Leave will not be sanctioned during Examinations, any occasions/special celebrations of the institute,** Leave taken during such period will be considered as Leave without pay.
- The institute will not observe holiday on the **Birth / Death anniversary of the Great people** and the day is **celebrated anddedicated** for them
- There are no **holidays of some festivals** during the year but are **adjusted for the Mid-Term Vacations** of Rakshabandhan and Uttarayan.
- **The vacation batch for 10th/12th standard students will be started immediately after** annual **examinations.**
- All the teachers would have to **join their duties one week prior to** the commencement of the next academic year for the planning.
- One vacation salary will be kept with the institute and will be paid (if applicable) as per above rules.
- Teacher who **worked continuously for at least one year** & remained **present on the last day of the current session and first day of the next session i.e. after vacations** will be **eligible for the vacation Salary**as per the rules **of the management.**
- **Teacher will be paid eligible summer vacation salary in November and Diwali vacation salary in June Only.**
- **Teacher who joins school after May will not be eligible for Diwali / summer vacation salary for concerned academic year.**
- **Teacher who have availed more than 30 leaves during academic year (April-March) will not be eligible for vacation salary.**

- **આકસ્મિક સંજોગો સિવાય રજાના રિપોર્ટ વગર એક દિવસથી વધુ ભોગવેલ રજા એ ગેરશિસ્ત** ગણાશે.
- **રવિવાર કે જાહેરરજાના દિવસની આગળ કે પાછળની રજા** મંજુર કરી શકાશે નહી. આમ છતાં રજા ભોગવવામાં આવશે તો તે **બિન પગારી રજા** ગણાશે.
- સંસ્થાના નિયમાનુસાર શિક્ષક ને **વર્ષ દરમિયાન ફકત 15 રજાઓ**ની મર્યાદામાં રહીને **ન વપરાયેલી રજાની રકમ ગ્રેજ્યુએટીના સ્વરૂપમાં નવા શૈક્ષણિક સત્રમાં** આપવામાં આવશે જો ...
  - **આખું શૈક્ષણિક વર્ષ (એપ્રિલ થી માર્ચ) સેવા આપી હોય તો.**
  - **સમગ્ર વર્ષદરમિયાન 15 કે તેથી વધુ રજા ન ભોગવેલ હોય તો.**
- **અમાન્ય કરેલ રજા મળવાપાત્ર રજામાંથી બાદ થશે અને પગારપાત્ર રહેશે નહી**
- ચાલુ શેક્ષણિક વર્ષના જે તે **માસ દરમિયાન લીધેલ રજાઓ** જે તે **માસના પગારમાંથી** તે રજા પૂરતી રકમ **બાદ** થશે .
- **પરિક્ષાના સમયમાં કે** સંસ્થાના **કાર્યક્રમો અને ખાસ દિવસની ઉજવણીના પ્રસંગોમાં રજા મંજૂર થશે નહી** અને છતાં પણ લીધેલ રજા મળવાપાત્ર રજા ગણાશે નહી.
- સંસ્થામાં **મહાન વ્યક્તિઓની જન્મજયંતિ/પૂણ્યતિથી નિમિત્તે** રજાઓ આપવામાં આવતી નથી, પરંતુ આ દિવસોએ જે તે મહાન વ્યક્તિના **જીવનચરિત્ર અનુસાર તેની ઉજવણી** કરવામાં આવે છે.
- સંસ્થામાં અન્ય કેટલાક તહેવારોની **રજાઓ એકલ-દોકલ ન આપતા રક્ષાબંધન** તેમજ **ઉત્તરાયણ** દરમિયાન આપવામાં આવતા **મધ્યસત્ર વેકેશનમાં સમાવેશ** કરીને આપવામાં આવે છે.
- નવા સત્રથી **ધોરણ 10 અને ધોરણ 12**માં પ્રવેશ મેળવતા **વિદ્યાર્થીઓને** ચાલુ સત્રની **વાર્ષિક પરીક્ષા પૂરી થયાના બીજા જ દિવસથી આગામી** અભ્યાસની પ્રવૃત્તિ કરાવવામાં આવે છે/ વેકેશન વર્ગો ચલાવવામાં આવે છે.
- નવા વર્ષના આયોજન માટે **નવા સત્રની શરૂઆતના એક અઠવાડીયા અગાઉથી** જ શિક્ષકમિત્રોએ **ફરજ પર હાજર** થવાનું રહેશે.
- એક વેકેશનનો પગાર સંસ્થામાં જમા રહેશે અને શાળા છોડવાના સંજોગોમાં ઉપરોકત શરતો મૂજબ મળવા હશે તો ચૂકવવામાં આવશે.
- સંસ્થામાં **ઓછામાં ઓછું સળંગ એક વર્ષ (એપ્રિલ થી માર્ચ) પૂર્ણ** કરનાર **તેમજ વેકેશન પડવાના છેલ્લા દિવસે** અને **શાળા શરૂ થવાના પ્રથમદિવસે હાજર રહેનાર** શિક્ષકને જ સંસ્થાના નિયમાનુસાર વેકેશનનો પગાર મેળવવાને પાત્ર ગણાશે.
- અગાઉના **સંપૂર્ણ શૈક્ષણિક વર્ષ દરમિયાન સેવા આપનાર** અને સદર શૈક્ષણિક વર્ષમાં સેવા આપી રહેલ **શિક્ષકશ્રીનો ઉનાળા વેકેશનનો પગાર દિવાળી વેકેશન બાદ એટલે કે નવેમ્બર મહિનામાં અને દિવાળી વેકેશનનો પગાર જૂન માસમાં ચૂકવવામાં આવશે.**
- સદર **શૈક્ષણિક વર્ષમાં અધવચ્ચે (મે માસ પછી) જોડાનાર શિક્ષકશ્રીને જે તે શૈક્ષણિક વર્ષના વેકેશનનો પગાર આપી શકાશે નહી.**
- સદર શૈક્ષણિક વર્ષમાં (**એપ્રિલ થી માર્ચ**) **કોઈપણ કારણસર કુલ ૩૦ દિવસથી (છૂટક અથવા એક સાથે) વધુ રજા** મેળવેલ કોઈપણ શિક્ષક મિત્રને જે તે વેકેશનનો પગાર ચૂકવવાપાત્ર રહેશે નહી.

- Teacher who leaves the school in between second term will not be eligible for salary of Diwali vacation.
- Teacher who leaves the school in between of first term will not be eligible for salary of summer vacation.

- બીજા સત્રમાં શાળા છોડવાના સંજોગોમાં દિવાળી વેકેશનનો પગાર મળવાપાત્ર રહેશે નહી.
- નવા શૈક્ષણિક વર્ષમાં પ્રથમ સત્રમાં શાળા છોડવાના સંજોગોમાં ઉનાળા વેકેશનનો પગાર મળવાપાત્ર રહેશે નહી

**(D) UNIFORM :**

- All the teachers **must wear uniform** during all the working days.
- If any of the teachers is found **without uniform, Half day leave will be marked against him / her& action** can be taken as per the rules.

**(D) યુનિફોર્મ :**

- શાળામાં પસંદ થનાર શિક્ષકમિત્રોએ કાર્યના તમામ દિવસોએ (બુધવાર સહિત) **ફરજીયાત સ્ટાફ યુનિફોર્મ**માં આવવાનું રહેશે.
- **યુનિફોર્મ સિવાય** આવનાર શિક્ષકમિત્રની **અડધી રજા** તરીકે રજાના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

**(E) CO - ORDINATION & CO – OPERATION:**

- All the teachers will have to Co-operate with Administrative Department to handle all the administrative activities of the institute byproper Co-ordinations.
- All the teachers will have to support and co-ordinate with self responsibilities to the other departments of the Institute like Store, Library, Science Labs, Computer Lab, Accounts, Canteen, Hostel and Hospital etc.
- The institute will provide conveyance **(staff-bus) facility** from Vadodara as per the timing and pick-up/dropout point decided by the Management.

**(E)સંકલન અને સહકાર :**

- શાળામાં તમામ **વહીવટી બાબતોના સંચાલન માટે સ્વતંત્ર વહીવટી વિભાગ છે જ.** નિયુકત થનાર તમામ શિક્ષકમિત્રોએ વહીવટી વિભાગના **કાર્યોમાં યોગ્ય સંકલન સાધી સંપૂર્ણ સહકાર** આપવાનો રહેશે.
- શાળામાં સ્ટોર, લાયબ્રેરી, સાયન્સ લેબોરેટરીઝ, કોમ્પ્યુટર રૂમ, એકાઉન્ટ્સ વિભાગ,કેન્ટીન. હોસ્ટેલ અને હોસ્પિટલ વગેરે વિભાગો સાથે **જવાબદારી પૂર્વક અને સહકારની ભાવનાથી** કાર્ય કરવાનું રહેશે.
- સંસ્થા દ્વારા વડોદરાથી શાળા (મોટાફોફળીયા) સુધી આવવા-જવા માટે **સ્ટાફ બસની સગવડ** કરવામાં આવેલ છે.સ્ટાફબસ તેના નક્કી કરેલા પીકઅપ સ્ટેન્ડથી અગાઉથી **નિર્ધારીત સમયે જ** ઉપાડવામાં આવશે. જે બાબતને ધ્યાનમાં લઇ સ્ટાફ બસની સગવડનો લાભ મેળવતા તમામ શિક્ષકમિત્રોએ સહકાર આપવાનો રહેશે.

**(F) RESIGNATION & EXPERIENCE CERTIFICATE:**

- The teacher who wants to leave the Institute should give **one month Notice** or should deposit **One month salary as a NOTICE PAY**.
- Teacher who has **worked continuously for more than one academic year (April-March)** will be **eligible for Experience Certificate.** The teacher **leaving the Institute inbetween the academic session** will **not be eligible for Experience Certificate**.
- At the time of **leaving the Institute**, the teacher must **complete formalities** prescribed by the Management.
- Neither Notice period nor salary will be considered for the vacation for leaving job during the academic year. Diwali vacation salary will not be paid who leave the school in second term.
- Teacher has to repay amount of the entire premium for the concerned academic year if he/she leave the institute in between academic year.

**(F)શાળા છોડી જવા અને અનુભવના પ્રમાણપત્ર બાબત :**

- શાળા છોડીને જનાર શિક્ષકમિત્રોએ **ઓછામાં ઓછા એક મહિના અગાઉ** શાળા છોડી જવા અંગેની નોટીસ આપવાની રહેશે અથવા **એક મહિનાના પગાર જેટલી રોકડ રકમ Notice Pay** પેટે સસ્થામાં **જમા કરાવવાની** રહેશે.
- શાળામાં **(એપ્રિલ થી માર્ચ) સળંગ એક વર્ષ કે તેથી વધુ** સેવા આપનાર શિક્ષકમિત્રોને જ **અનુભવનું પ્રમાણપત્ર** આપવામાં આવે છે. અધવચ્ચેથી ચાલુ સત્ર દરમિયાન શાળા છોડી જનાર શિક્ષકમિત્રો અનુભવનું પ્રમાણપત્ર મેળવવાને લાયક ગણાશે નહી.
- શાળા છોડી જનાર શિક્ષકમિત્રોએ **શાળા છોડી જવાના સમયે** સંચાલક મંડળના **નિયત ફોર્મ** ફરજીયાતપણે ભરવાનું રહેશે.
- **ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન શાળા છોડવાના સંજોગોમાં વેકેશનનો સમય નોટિસ પિરીયડ કે નોટિસ પેમાં ગણી શકાશે નહી.** અને વેકેશન પગાર મળી શકશે નહી. અને વેકેશનનો પગાર ચૂકવી દેવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં તે પગાર પરત વસૂલ કરવામાં આવશે.
- ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અધવચ્ચે સંસ્થા છોડી જનાર શિક્ષકમિત્રોએ તેઓ માટે સંસ્થા તરફથી ભરવામાં આવેલ તમામ પ્રકારના વીમાની જે તે વર્ષની પ્રિમીયમની રકમ ફરજિયાત જમા કરાવવાની રહેશે.

**(G) MOBILE & OTHER INSTRUMENTS:**

- It is strictly prohibited to bring/use mobile & other electronic instruments in the school campus.
- It is not allowed to keep mobile in any circumstance in the school campus.

**(G)મોબાઇલ કે અન્ય ઉપકરણ બાબત :**

- સંસ્થામાં **મોબાઇલ લાવવા કે વાપરવા ઉપર સખત પ્રતિબંધ** છે.
- શાળા સંકુલમાં કયાંય પણ કોઇપણ સંજોગોમાં મોબાઇલ સાથે રાખવા દેવામાં આવશે નહિ.

**(H) <u>DAY-SCHOOL</u> :**

- Teachers have to teach selected subjects to the hostel students for the day-school. (Timing- 2.00 to 4.00 pm)
- Teachers will be paid extra allowances for the day school as per their section & decided by management.
- Teacher has to teach hostel students in evening classes during examination as per the requirement.

**( I )<u>FOR THE TEACHER RESIDINGN IN THE HOSTEL</u> :**

- Teachers residing in the hostel have to co-operate in educational/co-curricular activities as well as day to day management of hostel.
- Teachers residing in the hostel are not allowed to use mobile, computer, T.V., Gas, Stove or any other appliances in the school/hostel campus.

**( J ) <u>PUNISHMENT TO THE STUDENT</u> :**

- Teacher cannot give any physical punishment to the students for any reason.
- Teacher or any employee of the school **cannot do mental harassment to the students.**
- **Teacher or any employee cannot do any vulgar comments or any type of harassment to the ladies staff and girls students**.
- Any type of such complains against any **teacher will be responsible for strict action from management and even he/she may be dismissed also.**

**( K ) <u>OTHER TRADITIONS</u> :**

- Teachers have to follow all the rules and regulations laid down by the institute for the better management and also over all development of the students by self-discipline attitude.

**(H) <u>ડે-સ્કુલ</u> :**

- શાળાના હોસ્ટેલના નિવાસી વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો દ્વારા જ પસંદ કરેલ વિષયો માટે ડે- સ્કુલમાં (બપોરે 2: 00 થી 4:00 કલાક) શિક્ષણ આપવાનું રહેશે.
- ડે-સ્કૂલમાં સેવાઓ આપતા શિક્ષકોને જે તે વિભાગના / માધ્યમના વિષયો માટે અલગથી મહેનતાણું ચૂકવવામાં આવશે.
- જરૂરિયાત મુજબ પરિક્ષા સમય દરમિયાન સાંધ્ય સ્કૂલમાં(Evening School) પણ શૈક્ષણિક સેવાઓ આપવાની રહેશે.

**( I )<u>હોસ્ટેલ નિવાસી શિક્ષક મિત્રો માટે</u>:**

- જે શિક્ષક મિત્રોને સંસ્થાની હોસ્ટેલમાં નિવાસની વ્યવસ્થા આપવામાં આવે તેવા શિક્ષકમિત્રોએ હોસ્ટેલના સુચારૂં સંચાલન અને શૈક્ષણિક / સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં હરહંમેશ સાથ સહકાર આપવાનો રહેશે.
- હોસ્ટેલ નિવાસી શિક્ષકમિત્રો હોસ્ટેલ કે સ્કૂલ કેમ્પસમાં મોબાઇલ, ટી.વી., કોમ્પ્યુટર, રેડીયો, ગેસ કે અન્ય ઉપકરણોનો ઉપયોગ કરી શકશે નહિ.

**(J)<u>શાળામાં વિદ્યાર્થીઓને સજા કરવા બાબત</u> :**

- કોઇપણ શિક્ષક કોઇપણ સંજાગોમાં **વિદ્યાર્થીઓને શારિરીક શિક્ષા કરી શકશે નહી.**
- શાળામાં **કોઇપણ કર્મચારી/શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ ઉપર શારિરીક હિંસાના હૂમલાઓ/શાબ્દિક પ્રહારો કરી શકશે નહિ.**
- શાળામાં **શિક્ષક કે કર્મચારીઓ દ્વારા કોઇપણ વિદ્યાર્થિનીની કે શિક્ષિકાઓને જાતીય અપમાનજનક શબ્દો કે સતામણી કરી શકશે નહી.**
- આવા પ્રકારની કોઇ પણ **ફરિયાદના સંજાગોમાં શિક્ષક સામે કડકમાં કડક જોગવાઇઓ મુજબ પગલાં લેવામાં આવશે**. અને જે તે શિક્ષકને છૂટા કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

**(K)<u>અન્ય પ્રણાલિકા</u> :**

- આ સિવાય વિદ્યાર્થીઓમાં દાખલારૂપ **સ્વયંશિસ્ત દ્વારા** સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ, સુચારૂ સંચાલન તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉજ્જવળ કારકિર્દી થકી **શક્તિશાળી અને બૌધ્ધિક રીતે સુદ્રઢ રાષ્ટ્રના નિર્માણ અર્થે** સંચાલક મંડળ દ્વારા સ્થાપિત તમામ **પ્રણાલિકાઓનું** નિયુક્ત તમામ શિક્ષકમિત્રોએ **પાલન કરવાનું** રહેશે.

CONSENT & UNDERTAKING

**I have read/understood all the above rules and regulations of institute and abide by rules and regulation of institute. I will be abided by any amendment or alterations in rules & regulations from time to time as per the situations and requirements by the institute.**

**સંમતિ અને બાંહેધરી**

**ઉપર જણાવેલા બધાં નિયમો મેં વાંચ્યા/સમજેલ છે અને તે મારી સ્વૈચ્છાએ કબુલ મંજુર છે અને વખતો વખત સંસ્થાના હિતમાં જરૂરિયાત મુજબ નિયમો/શરતોમાં સુધારા-વધારા જે કાંઇ કરવામાં આવશે તેનું પાલન કરવા હું બંધાયેલ છું અને તે અંગેની બાંહેધરી આપુ છું.**

| | |
|---|---|
| **Name Of Teacher / શિક્ષકશ્રીનું નામ** | **Signature/સહી** |